# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત વાર્ષિક પરીક્ષા **જૈનશાળા/મહિલામંડળનું** પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : **૧૯** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 19)**

પ્ર. : ૧. સામાયિક - પ્રતિક્રમણ, કર્મગ્રંથ - ૨ (બે) ના આધારે જવાબ લખો : (૧૫)

ક) નીચેના શબ્દોના અર્થ લખો : ૪
મહિયા, મણંત, સાવગ ધમ્મસ્સ, નિસીહિયાએ, સમયં, પસારણાએ, અપરિસુદ્ધં, સહસાગારેણં.

ખ) નીચેના વાક્યો કયા અતિચાર મટે બંધબેસતા છે ? તે અતિચારનું નામ લખો. ૪
(૧) મરેલો બળદ પડ્યો હોય ત્યાં બેસીને પુચ્છિસ્સુણં ફેરવ્યું હોય.
(૨) સામાયિકમાં બેઠા બેઠા બળદને મારવાનો વિચાર કર્યો હોય.
(૩) બળદના અવયવ સમાર્યાનો વેપાર કર્યો હોય
(૪) બળદગાડામાં હદ ઉપરાં ભાર ભર્યો હોય.

ગ) કર્મગ્રંથને આધારેજવાબ લખો : ૭
(૧) આપણો આત્મા શા કારણે પરિભ્રમણ કરી રહ્યો છે ?
એનાથી મુક્ત થવા શું કરવું જોઈએ ?
(૨) ચારે આયુષ્યનો બંધ કયા કયા ગુણસ્થાનકે થાય ? બંધવિચ્છેદ ક્યાં થાય ?
(૩) સાધુને મતિજ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય ? થાય તો કેટલા ગૃણસ્થાન સુધી થાય ?
(૪) પેપર લખનાર શ્રાવક-શ્રાવિકા તમે સ્ત્રીવેદનો બંધ કેટલા ગુણસ્થાનકે કરો ?

પ્ર. : ૨. શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૫)
(૧) બુદ્ધિમાન પુરુષ કોનો અપલાપ ન કરે ? શા માટે ? ૨
(૨) નીચેના સૂત્રોના અર્થ લખો : ૩
(૧) સંધિં લોયસ્સ જાણિત્તા ।
(૨) પલિછિંદિય બાહિરગં ય સોયં નિક્કમ્મદંસિ ।
(૩) જે આસવા તે પરિસવ્વા, જે પરિસવ્વા તે આસવા ।

પ્ર. : ૩. શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)
(૧) અંતક્રિયા કેટલી છે, પ્રથમ અંતક્રિયા સમજાવીને લખો. ૪
(૨) લોકમાં ક્યા કયા સ્થાન સમાન છે ? તે લખો. ૨
(૩) શ્રમણોપાસક કેટલા પ્રકારના છે તે સમજાવો ? ૪

પ્ર. : ૪. શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે લખો : (૧૦)
(૧) મલ્લીકુમારી પૂર્વભવમાં કોણ હતા ? ત્યાં તેમના મિત્ર કોણ કોણ હતા ?
(૨) અર્હન્નક કોણ હતા ? કેવા હતા ? ને નગરીના રાજા કોણ હતા ?
(૩) રુકિમરાજા અને વર્ષધર વચ્ચે શું સંવાદ થયો ?
(૪) સુવર્ણકારોના દેશનિકાલનું કારણ શું હતું ? તેનું પરિણામ શું આવ્યું ?
(૫) મલ્લીકુમારીએ કેટલું વર્ષીદાન ક્યારે, કોને આપ્યું ? કેવી રીતે કર્યું ?

પ્ર. : ૫. શ્રી ઉપાસકદશાંગ સૂત્રના તથા અંતકૃતદશાંગના આધારે લખો : (૧૫)
(૧) ઉપાસક સૂત્રની પ્રરૂપણા કોણે કોની પાસે કરી ? તેમાં કયા સ્થાન, ૨
સમય અને શ્રાવકની પ્રરૂપણા છે ?
(૨) જ્યારે દેવે ચૂલણીપિતાને તેની માતાને મારી નાખવાની બે-ત્રણ વાર ૩
ધમકી આપી ત્યારે ચૂલણીપિતાએ શું વિચાર કર્યો ?
(૩) છ અણગાર કેવા હતા ? દીક્ષા દિનથી શું કરતા હતા ? ૨
કોના પુત્ર હતા અને કોની પાસે ઉછર્યા હતા ?

(પાછળ જુઓ)

પ્ર. : ૫. (૪) શ્રી કૃષ્ણએ કોની આરાધના કરી ? કોની જેમ કરી ? દેવે શ્રી કૃષ્ણને શું પૂછયું ? શ્રી કૃષ્ણએ શો જવાબ આપ્યો ? ૩

(૫) નીચેના વાક્યો કોણ કોને કહે છે ? ૫

(૧) હું દીક્ષા લેવા માગું છું.

(૨) જેમ સુખ ઉપજે તેમ કરો.

(૩) અરે ! આ તો પેલો નિર્લજ્જ !

(૪) એમણે પુણ્યનો બંધ કર્યો છે.

(૫) પ્રતિમા પાસે ફૂલોના ઢગલા કરવા માંડી.

પ્ર. : ૬. નિરયાવલિકા સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)

(૧) ચંપાનગરી ક્યાં હતી ? કેવી હતી ? તેમાં કયું કયું ચૈત્ય હતું ? ત્યાં કોણ કોણ રહેતું હતું ?

(૨) ભગવાને કાલીની જિજ્ઞાસાનું સમાધાન કરતાં શું શું કહ્યું ? તેની શું અસર થઈ ?

(૩) શ્રેણિક રાજા ચિંતાગ્રસ્ત શા માટે થઈ જાય છે ? ચિંતા કોની પાસે વ્યક્ત કરે છે ? શા માટે ?

(૪) વેહલ્લકુમાર કોણ હતા ? તેમની પાસે શું શું હતું? લોકો શા માટે કહેતા હતા કે વાસ્તવમાં રાજ્યશ્રીના ફળનો અનુભવ વેહલ્લકુમાર જ કરે છે. રાજા કોણિક નહીં !

(૫) કોણિકરાજા પોતાના દૂતને જ્યારે બીજી વાર ચેટકરાજા પાસે મોકલાવે છે ત્યારે દૂત ચેટકરાજાને શું કહે છે ? ચેટકરાજા દૂતને કેવી રીતે વિદાય કરે છે ?

પ્ર. : ૭. દશવૈકાલિક સૂત્રના આધારે લખો : (૧૫)

ક) ગાથા પૂરી કરો : (૧) થંભાવ કોહા ......... વહાય હોઈ ૬

(૨) જાઈમરણાઓ ............... મહિડ્ઢિએ (૩) સિયા હુ સીસેણ.... ગુરુહિલણાએ.

ખ) (૧) સિરસાપંજલીઓ એટલે શું ? ૧

(૨) કેવા શિષ્યનું શિક્ષણ પાણી સીંચેલા વૃક્ષની જેમ પ્રતિદિન વધે છે ? ૧

(૩) સમાધિ કેટલા પ્રકારની છે ? કઈ કઈ ? ૧

(૪) અસંવિભાગી એટલે શું ? ૨

(૫) કટુવચનરૂપી બાણ કેવા છે ? ૨

(૬) શ્રુતસમાધિના ચાર ભેદ કયા કયા છે ? ૨

પ્ર. : ૮. શ્રી ભગવતી સૂત્રના થોકડાના આધારે જવાબ લખો : (૧૦)

(૧) ધર્મ જાગરિકાના કેટલા અને કયા કયા ભેદ છે? જ્ઞાનાચારનો ચોથો ભેદ અર્થ સહિત લખો.

(૨) છએ દ્રવ્યના સ્વભાવધર્મ શું છે ?

(૩) કરણસિત્તેરી કોને કહે છે, તેનું વર્ણન કરો.

(૪) કષાય અને વીર્ય આત્માની વ્યાખ્યા લખો.

(૫) રત્નપ્રભાનો નારકી, સીમંધરસ્વામી, ઋષભદેવસ્વામીનો જીવ અને અભવી સાધુને કેટલા અને કયા કયા આત્મા હોય ?

પ્ર. : ૯. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના થોકડાના આધારે જવાબ લખો : (૧૦)

(૧) યોનિ એટલે શું ? તે કેટલા પ્રકારની છે ?

(૨) શીત આદિ યોનિ આશ્રી નરકમાં કઈ કઈ યોનિ હોય ?

(૩) ઉપપાત, સમુદ્‌ઘાત, સ્વસ્થાન, સંવુડાવિયડા એ ચારની વ્યાખ્યા લખો.

(૪) અપર્યાપ્તા બાદર તેઉકાયનો તથા સૂક્ષ્મ અપકાયનો ઉપપાત, સમુદ્‌ઘાત અને સ્વસ્થાન લખો.

(૫) મનુષ્યાણીની યોનિ કેટલા પ્રકારની છે, કઈ કઈ ?

"જય જિનેન્દ્ર"